## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અમારે પ્રજાએ ક્યાં રાજ કરવું છે તો ભેદભાવ રાખીએ... જાવ બેઉને સરખા વોટ...!!

# સે-૧૦ નાગરીક પુરવઠા નિગમના કોન્ફરન્સ હોલમાં આગ

### એ.સી.માં શોર્ટ સર્કીટ તથા આગ ભભુકી : સમયસર આગ પર કાબુ મેળવી લેવાતા મોટી દુર્ઘટના ટળી : સદભાગ્યે કોઈ જાનહાની નહી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૧૦ ખાતે સ્થિત નાગરીક પુરવઠા નિગમ લી. ખાતે આજે સવારના અરસામાં એ.સી. શોર્ટ સર્કીટથી કોન્ફરન્સ હોલમાં આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી.ગાંધીનગર ફાયરબ્રિગેડનો કૉલ મળતા સમયસર ઘટના સ્થળે પહોંચી ફાયરબ્રિગેડની ટીમે આગને કાબુમાં લઈ લેતા મોટી દુર્ઘટના ટળી હતી. સદભાગ્યે ઘટનામાં કોઈ મોટું નુકશાન કે જાનહાની થવા પામી ન હતી.

સેકટર-૧૦ ખાતે નાગરિક પુરવઠા નિગમ લી.ની કચેરીના કોન્ફરન્સ હોલમાં આજે સવારે દશેક વાગ્યાના અરસામાં અચાનક ધુમાડાના ગોટે ગોટાની સાથે આગ ભભુકી ઉઠી હતી. એસીમાં





શોર્ટસર્કીટ થતા શરૂ થયેલી આગ અંગે ફાયરબ્રિગેડને કચેરીમાંથી કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમ તાબડતોબ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવીને સમયસર આગ કાબુમાં લઈ લેતા આગળ પ્રસરતા અટકી ગઈ હતી અને મોટું નુકશાન થતા રહી ગયું હતું. સામાન્ય ફર્નિચર સળગીને ખાખ થઈ જવા પામ્યું હતું. સદભાગ્યે કોઈ મોટું નુકશાન કે જાનહાની થવા પામી ન હતી. મળતી માહિતી મુજબ આ કચેરીઓ દ્વારા ફાયર નોમ્સ મુજબ ફાયર સેફટીની એન.ઓ.સી. પણ લેવામાં આવી ન હતી કે જરૂરીયાત મુજબના ફાયર સેફટીના સાધનો પણ કચેરીમાં લગાડવામાં આવેલા ન હતાં.

## તલાલા પેટા ચૂંટણી માટે ભાજપના ઉમેદવાર ગોવિંદભાઈ પરમાર

પ્રદેશ પ્રમુખશ્રી વિજયભાઈ રૂપાણીએ ૯૧-તાલાલા વિધાનસભા બેઠકના પેટા ચૂંટણીના ઉમેદવાર તરીકે ભાજપા કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડના નિર્ણય અનુસાર શ્રી ગોવિંદભાઈ વરજાંગભાઈ પરમારને ભાજપના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. ૬૩ વર્ષીય ગોવિંદભાઈ પરમાર વાણિજ્ય વિષય સાથે સ્નાતક અભ્યાસ કરેલ છે, તેઓ અગાઉ વિધાનસભાના સભ્ય તરીકે સેવા આપી ચૂક્યા છે.

# ઝાડ પર ફસાયેલા બિલાડીના બચ્ચાને ફાયરબ્રિગેડે બચાવ્યું...!!

### સે-૮માં ઝાડ પર ૩૦ ફુટથી ઉપર ફસાઈ ગયેલા બિલાડીના બચ્ચાંને રાત્રે ૧૦ વાગે ફાયરબ્રિગેડની ટીમે બચાવ્યું

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરને રાજયના પાટનગર હોવાના કારણે ચાલતી રાજકીય ગતિવિધીઓના આધારે લાગણીહીન શહેર તરીકે મૂલવતા વિવેચકોએ એ જાણી લેવાની જરૂર છે કે આ શહેરમાં પણ સંવેદનશીલ નાગરિકો વસે છે, જેઓ માત્ર માનવી નહી પરંતુ પ્રકૃતિ અને જીવ માત્ર પ્રત્યે અનુકંપા ધરાવે છે. આ બાબતને ઉજાગર કરતો એક કિસ્સો ગઈ કાલે રાત્રે સે-૮માં બન્યો હતો જેમાં લાગણીશીલ જાગૃત નાગરિકોની સંવેદનાના કારણે એક બિલાડીના બચ્ચાંને બચાવવા ફાયર બ્રિગેડની ટીમ કામે લાગી હતી.

ગઈ કાલે સાંજે સે-૮માં ચ રોડ પરથી પ્રવેશવાના માર્ગે મકાન નં. ૬૭૬/૨ નજીક એક કણેજના ઝાડ પર બિલાડીનું બચ્ચું ફસાઈ ગયું હતું. આશરે ૩૦ થી ૩૫ ફુટની ઉચાઈએ ચઢી ફસાઈ ગયેલું આ બચ્ચું નીચે ઉતરી શકયું નહોતું તેના કારણે ખૂબ ગભરાઈ જઈને વારેવારે ચિચિયારીઓ પાડતું હતું.આ જોઈ આસપાસના નગરજનો તથા નજીકમાં ઉભા રહેતા ફ્રુટની લારીના ફેરિયાભાઈઓ વગેરેએ એકઠા થઈ તેને ઉતારવા પ્રયત્નો હાથ ધર્યા હતા જો કે આ બચ્ચું એટલું ગભરાઈ ગયું હતું કે કોઈને નજીક આવવા દેતુ નહોતુ અને કોઈ ઝાડ પર ચઢતું જણાય એટલે આકુળ વ્યાકુળ થઈ બમાબુમ કરી દેતું હતું.

જેથી તેના પડી જવાની શકયતા વધુ થઈ જતી હતી. ઘણા પ્રયત્નોના અંતે રાત્રે ૧૦ વાગે કંટાળીને નગરજનોમાંથી એક એવા હિમાલયભાઈ હિંગુએ ફાયરબ્રિગેડને ફોન લગાડી આ બચ્ચાને બચાવી લેવા વિનંતી કરી હતી. આ કોલના આધારે ફાયરબ્રિગેડની ટીમ તુરંત ત્યાં ધસી આવી હતી અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ બચાવ કામગીરીમાં ફાયર બ્રિગેડના સંદીપ પારઘી નામના જવાને બિલાડીના બચ્ચા સુધી પહોંચી તેને એક બેગમાં મુકી સહી સલામત નીચે લાવી બચાવી લીધુ હતું. આશરે ૨૦ થી ૨૫ મિનિટની આ કામગીરીમાં ફાયરબ્રિગેડે કલાકોથી ફસાયેલા બિલાડીના બચ્ચાંને હેમખેમ ઉતારી ઓપરેશન આટોપ્યું હતું.

# ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા પીવાના પાણીના પ્રશ્ને પાણી યાત્રા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭

સમગ્ર રાજયમાં પીવાના પાણીની અછત ઉભી થઈ છે. પાણીના કકળાટના કારણે પ્રજામાં આક્રોશ ઉભો થયો હોવાથી કોંગ્રેસ પક્ષ દ્વારા પાણીના લોક પ્રશ્નને ઉજાગર કરવા તેમજ લોક જાગૃતિ આણવાના ઉમદા હેતુ સબબ યોજેલ પાણી યાત્રાનો તા. ૨૬ એપ્રિલના રોજ દહેગામ તાલુકાના ઝાંક ગામેથી પ્રારંભ થયો હતો. જે દહેગામ તાલુકાના વિવિધ ગામોમાં ફરીને સાંજે ૭.૩૦ કલાકે ગાંધીનગર તાલુકાના ગીયોડ મંદિર ખાતે પ્રવેશીને ચિલોડા ખાતે રાત્રી રોકાણ કર્યું હતું. બીજે દિવસે તા. ૨૭ એપ્રિલના રોજ ડભોડા ખાતેથી યાત્રાનો પ્રારંભ થઈને નાના ચિલોડા ઉવારસદ આદરજ ગામેથી તેરાસાના પરા મુકામેથી કલોલ તાલુકામાં પ્રવેશ કર્યો હતો. જે કલોલ શહેરમાં ફરીને કલોલ તાલુકાના વિવિધ ગામોમાં ફરી હતી. ત્યારબાદ નારદીપુરથી પાણી યાત્રા ગાંધીનગર તાલુકામાં પ્રવેશી હતી. ગાંધીનગર તાલુકાના સરઢવ થઈ રૂપાલ વરદાઈની માતા મંદિર ખાતે યાત્રાનું રાત્રી રોકાણ કરાવવામાં આવ્યું. તમામ ગામોમાં પાણી યાત્રાનું સ્થાનિક કાર્યકરો-આગેવાનો તેમજ પ્રજાજનો દ્વારા પાણી યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને મોટી સંખ્યામાં કાર્યકરો-આગેવાનો જોડાયા હતા.



## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર મનપાની ચૂંટણીમાં પક્ષ વિરોધી કામગીરી કરનારા કાર્યકર્તાઓની યાદી તૈયાર કરવા બન્ને પક્ષોએ ઉમેદવારોને જણાવ્યું છે.

● ગાંધીનગર શહેરમાં વધતા જતા ગરમીના પ્રકોપને પગલે ચા ની કીટલીઓ પર ઘરાકી ઘટી જવા પામી છે. જ્યારે છાશ અને દહીંના વેચાણમાં વૃદ્ધિ જોવા મળી રહી છે.

● ગાંધીનગર શહેરના ‘ચ’ માર્ગ પર એક કમાન રસ્તાઓની જાણકારી આપવા માટે ઉભી કરવામાં આવી રહી છે.

● ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોના સ્ટ્રીટલાઈટોના પોલને કલર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

● ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીના પરિણામોની વિગતો સાથેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યુ છે.



## મુખ્યમંત્રીની સૌજન્ય મુલાકાતે લેફ્ટનન્ટ જનરલ વી.પી. સિંઘ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની આજે ભારતીય થલ સેનાના જોધપુર ૧૨ કોપર્સના જનરલ ઓફિસર કમાન્ડીંગ લેફ્ટનન્ટ જનરલ વી.પી. સિંઘે ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત લીધી હતી.

# વિસનગર કેસ : હાર્દિકની અરજી પર સુનાવણી થઈ

ગાંધીનગર, તા.૨૭

વિસનગર હિંસા કેસના સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટમાં હાર્દિક પટેલની જામીન અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. પાટીદાર સમુદાય માટે અનામતની માંગણીને લઈને આંદોલન છેડનાર અને ગુજરાત સરકારને હચમચાવી મુકનાર હાર્દિકની અરજીને લઈને સુરક્ષા મજબૂત રાખવામાં આવી હતી. પાટીદાર આંદોલન દરમિયાન વિસનગરમાં ધારાસભ્ય ઋષિકેશ પટેલની ઓફિસ અને જાહેર મિલકતની તોડફોડ કેસમાં હાર્દિક પટેલે હાઈકોર્ટમાં જામીન માટે અરજી કરી છે. વિસનગર કોર્ટે હાર્દિકના જામીન ફગાવતા હાઈકોર્ટમાં થયેલી અરજી પર આજે સુનાવણી હાથ ધરાઈ હતી. હાઈકોર્ટે હાર્દિકે કરેલી જામીન અરજીના પગલે ગુજરાત સરકાર અને વિસનગર પોલીસને નોટિસ પાઠવી છે. આ કેસમાં વધુ સુનાવણી હમેના રોજ હાથ ધરાશે.

## કચ્છના ત્રણ તાલુકામાં પશુ કેમ્પો શરૂ કરાશે રોજ પશુદીઠ રૂ. ૨૫ સહાય અપાશે

ગાંધીનગર, તા. ૨૭

કચ્છ જિલ્લામાં પીવાના પાણી અને ઘાસચારાની ઉભી થયેલી અછતને પગલે કચ્છ જિલ્લાના ત્રણ તાલુકામાં કેટલ કેમ્પ શરૂ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

ગાંધીનગર ખાતે સીનીયર મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં અછત સમિતિની આજે બેઠક મળી હતી. આ બેઠકમાં કચ્છ જિલ્લામાં ઘાસચારાની અછતને ધ્યાને રાખીને ભૂજ અબડાસા અને લખપત તાલુકામાં કેટલ કેમ્પ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ નિર્ણયની વિગત આપતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે સ્વૈચ્છીક સંસ્થાઓ તરફથી માંગણી આવેલ હતી અને તેને ધ્યાને રાખીને કચ્છ જિલ્લાના આ ત્રણ તાલુકામાં કેટલ કેમ્પ શરૂ કરાશે. જેમાં રોજ પશુદીઠ રૂ. ૨૫ સહાય અપાશે. આ ઉપરાંત મહેસુલના અછત નિયમો મુજબ અન્ય સુવિધાઓ પણ અપાશે.

કચ્છ જિલ્લામાં શરૂ કરવામાં આવેલા ઘાસ ડેપોની વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે ભૂજમાં ૨૭ લખપતમાં ૧૭, અબડાસામાં ૧૯, રાપરમાં ૩ અને ભૂજમાં ૨ એમ કુલ ૬૬ ઘાસડેપો શરૂ કરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે રાજ્યના ૧૮ જિલ્લામાં પીવાનું પાણી પહોંચાડવા ૩૩૪ ટેન્કરો ચાલુ છે. રોજના ૧૩૪૯ ફેરાઓ કરવામાં આવે છે. કચ્છમાં ૧૮, જામનગરમાં ૫૪, દેવભૂમિ દ્વારકામાં ૫૩, ગીર સોમનાથમાં ૧૧, રાજકોટમાં ૨૧, સુરેન્દ્રનગરમાં ૪૨, મોરબીમાં ૩, પોરબંદરમાં ૨૦, જૂનાગઢમાં ૩૧, બનાસકાંઠામાં ૯, પાટણમાં ૩, ભરૂચમાં ૩૬, નવસારીમાં ૯ અને દાહોદમાં ૨૯ ટેન્કરો ચાલે છે.

કચ્છ જિલ્લામાં વધુ ૬૦ ગામોને અસરગ્રસ્ત જાહેર કરવા માટે જિલ્લા કલેક્ટર દ્વારા માંગણી કરવામાં આવી છે તેવા પૂછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે આવી કોઈ માંગણી આવી નથી.

# સાહિત્ય-સંસ્કૃતિનું જતન કરવા યુવા પેઢીને અપીલ

### યુવા પેઢીને પ્રેરિત કરવાની જરૂર છે : આનંદીબેન : ગોવર્ધનરામની સ્મૃતિમાં જારી થયેલ ટિકિટનું ગૌરવશાળી વિમોચન પૂર્ણ : યુવા શક્તિ માટે યોગ્ય પ્લેટફોર્મ જરૂરી





અમદાવાદ, તા.૨૭

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે યુવા પેઢીને સાહિત્ય સંસ્કૃતિના જતન સંવર્ધન પ્રત્યે પ્રેરિત કરવાનું સમાજદાયિત્વ નિભાવવા સાહિત્યસર્જકો દિગ્ગજો સાહિત્યકારોને આહવાન કર્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ૨૧મી સદીની આ યુવાપેઢી સાહિત્યીક વાંચન લેખન ચિંતન મનન દ્વારા ગુજરાતની સંસ્કાર ગૌરવ પરંપરા શાશ્વત રાખે તે માટે સાહિત્ય જગતના મોભીયો તેમનું માર્ગદર્શન કરે તે આવશ્યક છે. આનંદીબેન ભારત સરકારના સંચાર અને સુચના પ્રદ્યોગિકી મંત્રાલય તથા ગુજરાત સાહિત્ય અકાદમી અને રતમ ગમત યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિ વિભાગના સંયુક્ત ઉપક્રમે મૂર્ધન્ય સાહિત્યકાર સાક્ષર ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની સ્મૃતિમાં બહાર પડાયેલી ટપાલ ટિકીટનું વિમોચન કર્યું હતું. મુખ્યમંત્રીએ સમાજ સમસ્તમાં કેવું સાહિત્યસર્જન સંસ્કાર પરંપરા ઉજાગર કરતું શ્રેષ્ઠ વાંચન આપવું તેનું સામૂહિક ચિંતન મનન સાહિત્યકારો યુવાવર્ગો સાથે મળીને કરે તેવી પ્રેરણા આપતાં ઉમેર્યું કે, યુવાશક્તિમાં પડેલી જિજ્ઞાસા, અપેક્ષા તમન્નાને યોગ્ય પ્લેટફોર્મ આપવાનું કાર્ય પણ એટલું જ આવકાર્ય છે. તેમણે રાજયમાં યુવાનોને ખેલકુદ ક્ષેત્રે અપાતા પ્રોત્સાહનો વિશેષ પ્રતિભાઓ માટેના ખાસ કોંચીંગ કેમ્પ અને રાજયના સરહદી વિસ્તારોના સાહસિક પ્રવાસ અભ્યાસ માટેની યોજનાઓની વિશદ ભૂમિકા આ અવસરે આપી હતી. મુખ્યમંત્રી સાહિત્ય કલા સંસ્કૃતિના ક્ષેત્રે જે અમુલ્ય વારસો અકબંધ સચવાઈ રહ્યો છે. તેની પ્રસાંશા કરતાં ઉમેર્યું કે,આવાં ઘરેણાઓને સમાજમાં અદકેરૂ ગૌરવ સન્માન મળતું થાય તે માટેના પ્રયાસો વધુ વેગવાન બનાવવા જોઈએ. તેમણે ગોવર્ધનરામની પોસ્ટલ સ્ટેમ્પનું આ વિમોચન ગુજરાતના સાહિત્ય જગત માટે ગૌરવ રૂપ ગણાવ્યું હતું. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજયમંત્રી નાનુભાઈ વાનાણીએ સાક્ષર વર્ય ગોવર્ધનરામ ત્રિપાઠીને યથોચિત ભાવાંજિલનો આ અવસર સાહિત્ય લેખન જગત માટે અવર્ણનીય પ્રસંગ ગણાવ્યો હતો. ચીફ પોસ્ટ માસ્ટર જનરલ લેફટનન્ટ કર્નલ ચૌહાણે ગોવર્ધનરામ ત્રિપાઠીની શ્રેષ્ઠકૃતિ સરસ્વતીચંન્દ્રની લાક્ષણિકતાઓ પ્રાસંગિક સંબોધનમાં વ્યક્ત કરી ટપાલ ટિકીટના આ વિમોચનને સાહિત્ય સંસ્કાર વારસાના જતન સમો પ્રસંગ વર્ણવ્યો હતો. પ્રારંભમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જ્હાએ સ્વાગત પ્રવચનમાં સમગ્ર વિષયની ભૂમિકા આપી હતી. આ પ્રસંગે મૂર્ધન્ય સાહિત્યકારો સર્વ રઘુવીરભાઈ ચોધરી, માધવ રામાનુજ, ચિનુભાઈ મોદી, પદ્મ ડાહ્યાભાઈ શાસ્ત્રી, સાહિત્ય અકાદમીના સભ્યો, સાહિત્યસર્જકો અને સાહિત્ય પ્રેમીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.